સત્યમેવ જયતે

આંક :-

| | | | |
|---|---|---|---|
| દાવા પ્રાપ્તિ તારીખ : | ૦૪/૧૦/૨૦૨૪ | | |
| દાવા દાખલ તારીખ : | ૦૪/૧૦/૨૦૨૪ | | |
| દાવા નિર્ણિત તારીખ : | ૩૦/૦૩/૨૦૨૬ | | |
| અવધિ : | વર્ષ | માસ | દિવસ |
| | ૦૧ | ૦૫ | ૨૬ |

જૂનાગઢના મહે. મુખ્ય સિનિયર સિવિલ જજ સાહેબની અદાલત સમક્ષ,
મુકામ - જૂનાગઢ.

## કોમર્શિયલ સ્યુટ નંબર : ૫૬/૨૦૨૪.

ડીલક્ષ પ્લાસ્ટીકના નામથી ચાલતા વહીવટના પ્રોપરાઇટર
મેરાજ અબ્દુલ કાદર મુન્શી,
ઉ.વ.આ. -, ધંધો-વેપાર, ધર્મે-મુસ્લીમ,
ઠે. પ્લોટ નં.૯૦૬, જી.આઇ.ડી.સી.-૨,
દોલતપરા, જૂનાગઢ. - વાદી.

વિરૂધ્ધ.

(૧) મેસર્સ કેસર પ્લાસ્ટના નામથી ચાલતી ભાગીદારી પેઢી
નોટિસ થ્રુ :-

(૨) પટેલ ઉમેશકુમાર રતીલાલ,
ઉ.વ.આ. પુખ્ત, ધંધો-વેપાર,
રહે. ૦૧, સદગુરૂ વાટીકા, સહજાનંદ પાર્ટી પ્લોટની બાજુમાં,
એમ.જી. રોડ, નવા નિકોલ, અમદાવાદ.

(૩) પટેલ રોહિણી ઉમેશકુમાર,
ઉ.વ.આ. પુખ્ત, ધંધો-વેપાર,
રહે. ૦૧, સદગુરૂ વાટીકા,
સહજાનંદ પાર્ટી પ્લોટની બાજુમાં,
એમ.જી. રોડ, નવા નિકોલ, અમદાવાદ.

(૪) જગદીશભાઇ સવજીભાઇ વેકરીયા,
ઉ.વ.આ. પુખ્ત, ધંધો-વેપાર,
રહે. જી-૬૦૨, સત્વ શિવ ગોલ્ડ,
વેદાંત ઇન્ટરનેશનલ વિધાલય સામે,
નિકોલ, અમદાવાદ.

(૫) ચોવટીયા કાળુભાઇ હરજીભાઇ,
ઉ.વ.આ. પુખ્ત, ધંધો-વેપાર,
રહે. પ્લોટ વિસ્તાર, શેડુભાર, અમરેલી. - પ્રતિવાદીઓ.

બાબત : ધ કોમર્શીયલ કોર્ટ એકટની કલમ-૨(સી) અન્વયે રૂા.૩,૭૨,૪૭૬-૪૪ ની રકમ વસૂલ મળવા અંગે.

| | |
|---|---|
| ધારાશાસ્ત્રી : | વાદી તરફે વિ.વકીલશ્રી જે. એચ. ધમાણી. |
| | પ્રતિવાદી તરફે વિ.વકીલશ્રી જે. એમ. વાછાણી. |

## -:: ઠ રા વ ::-

(૧) વાદીના દાવાની ટૂંકમાં હકીકત એવી છે કે, વાદી જૂનાગઢમાં દોલતપરા વિસ્તારમાં જી.આઇ.ડી.સી.-૨ માં પ્લોટ નં.૯૦૬ માં ડીલક્ષ પ્લાસ્ટીકના નામથી ધંધો ચલાવે છે અને તેના વહીવટના પ્રોપરાઇટર છે. વાદી બજારમાંથી વેસ્ટ પ્લાસ્ટીકની જથ્થાબંધ ખરીદી કરે છે અને જથ્થાબંધમાં વેચાણ પણ કરે છે. આ કામના પ્રતિવાદીઓ કેસર પ્લાસ્ટના નામે પ્લાસ્ટીકના સ્ક્રેપમાંથી પાવડર બનાવવાનો તથા તેને લગતા કાર્યો કરે છે. પ્રતિવાદીઓની પેઢીના ધંધાની ઓફિસ ૧૫, સર્જન ૩૦ ઇન્ડસ્ટ્રીયલ

પાર્ક, રોયલ એસ્ટેટ પાસે, કઠવાડા, અમદાવાદ મુકામે આવેલ છે. પ્રતિવાદીઓ ધ્વારા વાદી પાસેથી પ્લાસ્ટીકના વેસ્ટ માટે પ્રથમ રૂબરૂ મુલાકાત લેવામાં આવેલ અને ત્યારબાદ સેમ્પલ ટ્રાય કરવા માટે રૂા.૩,૯૬૨-૪૪ ની વેસ્ટ માટની ખરીદી કરવામાં આવેલ, જેના બીલ નં.જી.એસ.ટી.ટી. ૮૩, તા.૦૯/૧૧/૨૨ છે. ત્યારબાદ પ્રતિવાદી ધ્વારા વેસ્ટ પ્લાસ્ટીકની ગુણવતા જોયા બાદવધુ ઓર્ડર આપવામાં આવેલ. જેથી વાદી ધ્વારા તા.૦૬/૦૩/૨૪ ના રોજ જી.એસ.ટી.ટી./૫૮ થી ૧૦૪૧૦ કિલો પ્લાસ્ટીક પ્રતિ કિલોના રૂા.૩૦/- ના ભાવથી કુલ રૂા.૩,૧૨,૩૦૦/- નો માલ વ્હીકલ નં.જી.જે.-૦૧-જે.ટી.-૪૭૩૭ થી મોકલવામાં આવેલ જેના ઉપર ૧૮% જી.એસ.ટી. ગણતા રૂા.૨૮,૧૦૭/- તથા સ્ટેટ યુટી. ટેક્ષ રૂા.૨૮,૧૦૭/- ગણતા કુલ બીલ રૂા.૩,૬૮,૫૧૪/- નું ઇ-વે બીલ સહિતનું મોકલવામાં આવેલ, જે માલ પ્રતિવાદીઓને મળી ગયેલ છે. જે બંને બીલની રકમ રૂા.૩,૭૨,૪૭૬-૪૪ બાકી રહે છે, જેની નોંધ વાદીના કોમ્પ્યુટરના પ્રતિવાદીઓના ખાતામાં થયેલ છે. જયારે પ્રતિવાદીએ માલ ખરીદેલ ત્યારે ૧૫ દિવસમાં રકમ ચૂકવવાની ખાત્રી તથા વિશ્વાસ આપેલ પરંતુ ત્યારબાદ અવાર નવાર માંગણી કરવા છતાં પ્રતિવાદીઓ ધ્વારા રકમ વાદીને ચૂકવવામાં આવેલ નથી. વાદીએ તા.૨૧/૦૬/૨૦૨૪ ના રોજ રજીસ્ટર પોસ્ટથી પ્રતિવાદીઓને નોટિસ મોકલેલ, જે નોટિસ બાદ પણ દિન-૧૫ માં પ્રતિવાદીઓ ધ્વારા કોઇ રકમ વાદીને ચૂકવવામાં આવેલ નથી. જેથી દાવાનું કારણ ઉત્પન્ન થયેલ છે. આ કામે પ્રથમ બીલ તા.૦૯/૧૧/૨૦૨૨ નું છે અને બીજું બીલ તા.૦૬/૦૩/૨૦૨૪ નું છે જેથી હાલનો દાવો સંપૂર્ણપણે સમય મર્યાદામાં દાખલ કરેલ છે, દાવાને મુદતનો બાધ નથી. હાલનો માલ જૂનાગઢમાં પ્રતિવાદીઓએ આવી ઓર્ડર આપેલ હોય તથા માલ વાદીએ જૂનાગઢથી મોકલેલ હોય દાવો ચલાવવા નામદાર અદાલતને હકૂમત છે. જેથી હાલનો દાવો લાવી વાદીના પ્રતિવાદી પાસે વેસ્ટ પ્લાસ્ટીકના માલના બીલના કુલ રૂા.૩,૭૨,૪૭૬-૪૪ પૈસા બાકી નીકળે છે તેવું ઠરાવી સદરહુ રકમ પ્રતિવાદીઓની તમામ પ્રકારની સ્થાવર તથા જાત જંગમ મિલકત ઉપરથી વસૂલ મેળવવાનું હુકમનામું કરી આપવા તથા દાવાવાળી રકમ પર વાર્ષિક ૧૨% લેખે વ્યાજની નુકશાનીની રકમ

અપાવવા તથા ખર્ચ પ્રતિવાદી પાસેથી અપાવાવ તથા દાવાને અનુરૂપ મળી શકતી તમામ દાદ અપાવવા દાદ માંગેલ છે.

(૨) દાવાના અનુસંધાને પ્રતિવાદીઓને સમન્સ કરવામાં આવેલ, જે રજી.એ.ડી.થી સમન્સ પ્રતિવાદીઓને ધોરણસર બજી જતા પ્રતિવાદીઓ વિ.વકીલશ્રી મારફત હાજર થયેલ અને આંક-૧૭ થી લેખિત જવાબ રજુ કરી વાદીના દાવાની હકીકતનો ઇન્કાર કરી જણાવેલ છે કે, પ્રતિવાદી અલગ અલગ વ્યાપારી પાસેથી કાચો માલ લઇ તેને પાવડર ફોર્મમાં બદલીને પી.વી.સી. પાઇપ બનાવવાનો ધંધો કરે છે. પ્રતિવાદીને વારંવાર પ્લાસ્ટીકના રો મટીરીયલની જરૂર પડતી હોય અન્ય વેપારી જોડેથી કાચો માલ ખરીદ કરતા હોય તેવી જ રીતે વાદી કોન્ટેકમાં આવેલ અને સારો કાચો માલ આપવાનો વાયદો અને ભરોસો આપી કાચા માલનું સેમ્પલ રૂા.૩,૯૬૨-૪૪ જે માલ ખરાબ અને ઓછી ગુણવતાનો નીકળતા પી.વી.સી. પાઇપ બનતા ન હોય અને ઓછી ગુણવતાની હોવાથી તુટી જતી હોવાથી તે અંગેની જાણ વાદીને કરેલ અને વાદી ધ્વારા કહેવામાં આવેલ કે હવે ઓછી ગુણવતાનો માલ નહીં મોકલીએ તેવી પાકી ખાત્રી અને બાહેધરી આપેલ. પ્રતિવાદીને કાચા માલ અંગેની ખાસ જરૂર હોવાથી વાદી ઉપર પાકો વિશ્વાસ અને ભરોસો રાખી વાદી પાસેથી તા.૦૬/૦૩/૨૦૨૪ ના રોજ જી.એસ.ટી.ટી. ૫૮ થી ૧૦૪૧૦ કિલો પ્લાસ્ટીક પ્રતિ કિલો રૂા.૩૦/- ના ભાવથી કુલ રૂા.૩,૧૨,૩૦૦/- નો માલ વ્હીકલ નં.જી.જે.-૦૧-જે.ટી.-૪૭૩૭ થી મોલકવામાં આવેલ જેના ઉપર ૧૮% જી.એસ.ટી. ગણતા રૂા.૨૮,૧૦૭/- તથા સ્ટેટ યુટી. ટેક્ષ રૂા.૨૮,૧૦૭/- ગણતા કુલ બીલ રૂા.૩,૬૮,૫૧૪/- નું બીલ જે માલની પ્રતિવાદીએ પાવડર ફોર્મમાં બનાવેલ અને ત્યારબાદ પ્લાસ્ટીકની પાઇપ બનાવતા ઓછી ગુણવતા અને તુટી જતી હોવાથી પ્રતિવાદીએ વાદીને જાણ કરેલ અને સદરહુ બગડેલા માલના ફોટા મોકલેલ તથા માલ પાછો રીટર્ન મોકલવા અંગેની વાત કરેલ પરંતુ વાદી મોકલેલ ખરાબ કાચો માલ પરત લેવા માંગતા ન હોય ફકત ખોટો અને ખરાબ તેમજ ઓછી ગુણવતાનો માલ આપી ખોટી રીતે પૈસા માંગતા હોવાથી પ્રતિવાદીએ વારંવાર ખરાબ કાચો માલ પરત કરવા અંગેની વાત કરેલ

પરંતુ વાદી સંમત ના હોય અને ફકત પૈસા અંગેની માંગણી કરેલ જે ખોટી અને ગેરવ્યાજબી છે. વાદીએ પ્રતિવાદી સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કરેલ છે. વાદીએ મોકલેલ નોટિસનો પ્રત્યુતર તા.૧૬/૦૭/૨૦૨૪ થી મોકલેલ હોય પ્રતિવાદીની નિયતમાં ખોટ નથી. પ્રતિવાદીને મળેલ માલ ખરાબ અને ઓછી ગુણવતાનો હોવાથી માલ પરત આપવા બંધાયેલા છે, જે માલ પ્રતિવાદી પાસે પડેલ છે અને તે સ્વખર્ચે વાદી કહે તે સરનામે પરત કરી આપવા બંધાયેલા છે. વાદી ધ્વારા દાવા અરજી ફકત પ્રતિવાદીને હેરાન પરેશાન કરવા કરેલ છે.

(૩) સદર કામે દાવાના નિર્ણય માટે આંક-૧૯ થી નીચે મુજબના મુદાઓ ઘડવામાં આવેલા છે.

1. Whether the plaintiff proves that the suit has been filed by the authorised person of plaintiff firm - Deluxe Plastic ?

2. Whether the plaintiff proves that defendants are the partners in Messers Keasar Plastic Firm ?

3. Whether the plaintiff proves that defendant firm has purchased plastic waste material from the plaintiff firm amounting to Rs.3,72,476.44 ps. which was outstanding alongwith interest ?

4. Whether the plaintiff proves that as per their business terms and agreement, defendant firm (partners) failed to repay the bill amount ?

5. Whether the plaintiff is entitled to recover the amount of Rs.3,72,476.44 ps. from the defendant firm (partners) ?

6. Whether the plaintiff is entitled to get interest on the suit amount ? If yes, at what rate

7. Whether the suit filed by the plaintiff is barred by limitation ?

8. Whether defendant firm proves that the goods i.e. plastic waste supplied by the plaintiff firm is of inferior quality ?

9. What is due to the plaintiff ?

10. What order and decree ?

(૪) ઉપરોકત મુદાઓ પરત્વેના નિર્ણયો નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| મુદા નં.(૧) | : | હકારમાં. |
| મુદા નં.(૨) | : | હકારમાં. |
| મુદા નં.(૩) | : | હકારમાં. |
| મુદા નં.(૪) | : | હકારમાં. |
| મુદા નં.(૫) | : | હકારમાં. |
| મુદા નં.(૬) | : | હા, વાષિક ૮% ના સાદા વ્યાજ દરે. |
| મુદા નં.(૭) | : | નકારમાં. |
| મુદા નં.(૮) | : | નકારમાં. |
| મુદા નં.(૯) | : | રૂા.૩,૭૨,૪૭૬-૪૪ પૈસા. |
| મુદા નં.(૧૦) | : | આખરી હુકમ મુજબ. |

(૫) આંક-૧૯ થી મુકરર કરવામાં આવેલ મુદા પુરવાર કરવા માટે વાદી ધ્વારા નીચે મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલા છે.

<u>મૌખિક પુરાવો :</u>

| ક્રમ | સાહેદ | આંક |
| --- | --- | --- |
| ૧. | વાદી મેરાજ અબ્દુલ કાદર મુન્શીનું સરતપાસનું સોગંદનામું. | ૨૧ |

<u>દસ્તાવેજી પુરાવો :</u>

| ક્રમ | દસ્તાવેજની વિગત | આંક |
| --- | --- | --- |
| ૧. | તા.૦૯/૧૧/૨૦૨૨ નું રૂા.૩,૯૬૨-૪૪ પૈસાનું બીલ. | ૨૭ |
| ૨. | તા.૦૬/૦૩/૨૦૨૪ નું રૂા.૩,૧૨,૩૦૦/- નું બીલ. | ૨૮ |
| ૩. | શ્રધ્ધા વે-બ્રીજની પાવતીની ઝેરોક્ષ નકલ. | ૨૯ |
| ૪. | વાદી પેઢીના જી.એસ.ટી. રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ. | ૩૦ |
| ૫. | પ્રતિવાદીની ખાતાવહી. | ૩૧ |
| ૬. | પ્રતિવાદીની ખાતાવહી. | ૩૨ |
| ૭. | વાદીએ વકીલ મારફત પ્રતિવાદીઓને આપેલ નોટિસની સ્થળપ્રત. | ૩૩ |
| ૮. | રજી.એ.ડી.ની પોસ્ટલ વિન્ડો સ્લીપ. | ૩૪ |
| ૯. | પ્રતિવાદી નં.૫ નું રીફયુઝ થયેલ નોટિસનું કવર. | ૩૫ |
| ૧૦. | પ્રતિવાદી નં.૪ નાએ વકીલ મારફત આપેલ જવાબ. | ૩૬ |
| ૧૧. | પ્રતિવાદી નં.૧ થી ૪ ને નોટિસ મળી ગયાની પોસ્ટલ એકનોલેઝમેન્ટ રસીદ. | ૩૭ થી ૪૦ |

વાદી તરફથી આ સિવાય અન્ય કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને વાદી તરફે વિ.વકીલશ્રીએ તેઓ આ કામે વધુ કોઇ પુરાવો રજુ કરવા માંગતા ન હોવાનું આંક-૪૧ ની કલોઝીંગ પુરસીસથી જાહેર કરેલ છે.

(૬) જયારે આ કામે પ્રતિવાદીઓને પુરતી તક આપવા છતાં કોઇ પુરાવો રજુ રાખેલ ન હોય પ્રતિવાદીઓનો પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૭) આ વાદી વાદીના વિ.વકીલશ્રી જે. એચ. ધમાણીની મૌખિક સાંભવામાં આવેલ છે જયારે પ્રતિવાદી પક્ષે કોઇ દલીલ કરવામાં આવેલન હોય દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે.

<u>-:: નિર્ણય માટેના કારણો ::-</u>

(૮) આ કામે વાદી ધ્વારા દાવામાં કરવામાં આવેલ પક્ષ નિવેદન, રજુ મૌખિક અને દસ્તાવેજી પુરાવાનું વિશ્લેષણ કરતા અગાઉ ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૧૦૧, ૧૦૨ અને ૧૦૩ નો ઉલ્લેખ અત્રે કરવાનું જરૂરી જણાય છે, જે નીચે મુજબ છે.

- કલમ-૧૦૧ : સાબિતીનો બોજો :

  જે કોઇ એમ ઇચ્છતા હોય કે તેણે પ્રતિપાદિત કરેલી હકીકતોની સાબિતીના અસ્તિત્વ ઉપર આધારિત કોઇ કાયદેસરના હકક અથવા જવાબદારી વિશે કોઇ બીજું ન્યાયાલય ફેંસલો આપે, તો તેણે સાબિત કરવું પડશે કે તે હકીકતો અસ્તિત્વમાં છે.

  કોઇ વ્યકિત, કોઇ હકીકતનું અસ્તિત્વ સાબિત કરવા બંધાયેલી હોય, ત્યારે સાબિતીનો બોજો તે વ્યકિત ઉપર છે એમ કહેવાય.

- કલમ-૧૦૨ : સાબિતીનો બોજો કોના ઉપર છે :

  બેમાંથી કોઇ પક્ષ તરફથી કશો પુરાવો આપવામાં ન આવ્યો હોય તો જે વ્યકિત નિષ્ફળ જાય તેમ હોય તો તેના ઉપર દાવા અથવા કાર્યવાહીમાં સાબિતીનો બોજો છે.

- કલમ-૧૦૩૨ : ચોકકસ હકીકત વિશે સાબિતીનો બોજો :

  કોઇ ચોકકસ હકીકતનું અસ્તિત્વ હોવાનું ન્યાયાલય માને એમ જે વ્યકિત ઇચ્છતી હોય તેના ઉપર તે હકીકતની સાબિતીનો બોજો છે, સિવાય કે તે હકીકતની સાબિતીનો બોજો કોઇ વ્યકિત ઉપર રહેશે એવી કોઇ કાયદાથી જોગવાઇ કરવામાં આવી હોય.

ઉપરોકત કલમ મુજબ જયારે કોઇ પક્ષકાર એમ ઇચ્છતી હોય કે તેણે કહેલી અથવા રજુ કરેલી કોઇ અસ્તિત્વમાં હકીકત છે, તેની સાબિતી માટે કાયદાની અદાલત કોઇ ફેંસલો કોઇ પક્ષકારની તરફેણમાં આપે ત્યારે તે હકીકત અસ્તિત્વ ધરાવે છે તેવો પુરાવો તે પક્ષકારે આપવો પડે. ઉપરોકત કલમથી જયારે અમુક હકીકત અમુક પક્ષકારની જાણમાં હોય ત્યારે તે હકીકતનું અસ્તિત્વ સાબિત કરવાનો બોજો તે પક્ક્ષકારે પુરવાર કરવો પડે. વધુમાં સદર બાબતે નીચે મુજબની હકીકતની પણ નોંધ લેવી જરૂરી છે.

**[a]** The general principles of law that can be gainfully culled out from the judicial pronouncements noted above is that the burden of proof cast under Sections 101 and 102 of the Indian Evidence Act, 1872 is the persuasive burden or the onus probandi. The persuasive burden to prove and establish the case always lies upon the plaintiff and the said burden never shifts upon the defendant. What may, however, shift is the onus to lead evidence in the sense that once the plaintiff side succeeds in prima facie establishing his pleaded case by leading evidence, the onus will then shift upon the defendant side to lead evidence so as to disprove the case. The parties may also have to discharge the burden of establishing the admissibility of the evidence by leading evidence in respect thereof. The initial burden to establish the basic allegations made in the plaint constituting the foundational facts, regardless of whether such assertion is couched in the affirmative or in the negative, would undoubtedly lie upon the plaintiff and the failure to discharge the said burden must lead to the dismissal of the suit."

**[b]** The burden of proof on the pleadings should not be confused with the burden of adducing evidence.

**[c]** Pleading is not evidence, far less proof..

**[d]** The rule that the burden of proving the fact rests on the party who substantially asserts the affirmative issues and not the party who denies it, is not one of the universal applications

and there may be exception thereto.

<u>મુદા નં.(૧) થી (૬) :-</u>

(૯) આ કામે મુદા નં.૧ થી ૬ એકબીજા સાથે પરસ્પર સંકળાયેલ હોય પુરાવાનું પુનરાવર્તન ટાળવાના હેતુથી તમામ મુદાઓની ચર્ચા એકી સાથે કરવામાં આવેલ છે.

(૧૦) આ કામે વાદી ડીલક્ષ પ્લાસ્ટીકના પ્રોપરાઇટર મેરાજ અબ્દુલ કાદર મુન્શીએ દાવાની હકીકત પુરવાર આંક-૨૧ થી દિવાની કાર્યરીતિ અધિનિયમ, હુકમ-૧૮, નિયમ-૪ મુજબ સરતપાસનું સોગંદનામું રજુ કરી દાવા અરજીની હકીકતોને અનુરૂપ સોગંદ ઉપર હકીકત જણાવેલ હોય પુરાવાનું પુનરાવર્તન ટાળવાના હેતુથી ફરી ચર્ચા કરવાનું ઉચિત જણાતું નથી. સદર વાદીની પ્રતિવાદી તરફે કોઇ ઉલટતપાસ કરવામાં આવેલ ન હોય વાદી તરફેની હકીકત બિનપડકારેલી રહેલી છે.

(૧૧) આ કામે વાદી તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો ધ્યાને લઇ તેનું મૂલ્યાંકન કરવામાં આવે તો આંક-૩૦ થી રજુ થયેલ જી.એસ.ટી. રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ ધ્યાને લેતા ડીલક્ષ પ્લાસ્ટીકના નામે નોંધાયેલ હોવાનું અને તેના પ્રોપરાઇટર તરીકે મેરાજ અબ્દુલ કાદર મુન્શી હોવાનું જણાય આવે છે. આંક-૨૭ અને ૨૮ થી રજુ થયેલ બીલ જોવામાં આવે તો પ્રતિવાદી કેસર પ્લાસ્ટ તરફથી વાદી પાસેથી વેસ્ટ પ્લાસ્ટીકનો માલ પ્રથમ ૭૩ કિલોગ્રામ તા.૦૯/૧૧/૨૦૨૨ ના રોજ રૂા.૩,૩૫૮/- અને બીજો ૧૦૪૧૦ કિલોગ્રામ તા.૦૬/૦૩/૨૦૨૪ ના રોજ રૂા.૩,૧૨,૩૦૦/- નો ખરીદ કરેલ હોવાનું જણાય આવે છે. આંક-૩૧ અને ૩૨ થી રજુ થયેલ ખાતાવહી ધ્યાને લેતા સદરહુ માલ ખરીદ કર્યાના રૂા.૩,૯૬૨-૪૪ અને રૂા.૩,૭૨,૪૭૬-૪૪ પૈસા બાકી નીકળતા હોવાનું દર્શાવેલ છે. આંક-૩૩ ધ્યાને લેવામાં આવે તો વાદીની સદરહુ બાકી નીકળતી રકમ અંગે વકીલ મારફત લીગલ નોટિસ આપવામાં આવેલ, જે આંક-૩૪ ની વિગતે રજી.એ.ડી.થી

મોકલાવેલ અને આંક-૩૭ થી ૪૦ થી રજુ થયેલ પોસ્ટલ એકનોલેઝમેન્ટ રીસીપ્ટ ધ્યાને લેતા પ્રતિવાદી નં.૧ થી ૪ ને બજી ગયાનું જણાય આવે છે અને આંક-૩૫ ની વિગતે પ્રતિવાદી નં.૫ ધ્વારા રીફ્યુઝ થયેલ હોવાનું જણાય આવે છે. આંક-૩૬ ધ્યાને લેતા પ્રતિવાદી નં.૪ નાએ વાદીની નોટિસનો જવાબ આપેલ હોવાનું જણાય આવે છે.

(૧૨) આમ, ઉપરોકત મૌખિક અને દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો વાદીના દાવા અરજી આંક-૧ ધ્યાને લેવામાં આવે તો આ કામે વાદી પેઢીના પ્રોપરાઇટર ધ્વારા હાલનો દાવો દાખલ કરવામાં આવેલ છે અને પ્રતિવાદીઓ મેસર્સ કેસર પ્લાસ્ટના ભાગીદાર છે અને આ કામના પ્રતિવાદી પેઢીએ વાદી પાસેથી પ્લાસ્ટીક વેસ્ટનો કાચો માલ ખરીદ કરેલ અને તે માલના બીલ વાદીએ પ્રતિવાદી પેઢીને આપેલ અને તે બીલની રકમ પ્રતિવાદીએ ભરપાઇ નહીં કરતા કુલ રૂા.૩,૭૨,૪૭૬-૪૪ પૈસા બાકી નીકળતા હોવાનું ફલિત થાય છે. પ્રતિવાદીઓ ધ્વારા આંક-૧૭ થી દાવા જવાબ રજુ રાખેલ છે અને તેમાં વાદી પાસેથી માલ ખરીદ કરેલ હોવાનું સ્વીકારેલ છે પરંતુ માલ ઓછી ગુણવતા વાળો હોવાથી પી.વી.સી. પાઇપ તુટી જતા માલ પરત મોકલવા માટે વાદીને જણાવેલ તેમ છતાં વાદીએ માલ પરત લીધેલ નથી તેવું કથન કરેલ છે, પરંતુ પ્રતિવાદી પક્ષે પોતાના દાવા જવાબની હકીકત પુરવાર કરવા કોઇ પુરાવો રજુ રાખેલ નથી કે વાદીની કોઇ ઉલટતપાસ કરેલ નથી ત્યારે વાદીએ સોગંદ ઉપર જણાવેલ હકીકત અને રજુ રાખેલ દસ્તાવેજી પુરાવો ન માનવા કોઇ કારણ જણાતું નથી. વધુમાં પ્રતિવાદીએ બીલની રકમ ભરપાઇ કરવામાં નિષ્ફળ જતા વાદી તરફથી વકીલ મારફત નોટિસ આપવામાં આવેલ, જે નોટિસ બજી જવા છતાં રકમ ભરપાઇ ન કરતા દાવામાં જણાવ્યા મુજબની રકમ બાકી નીકળતી હોવાનું અને સદરહુ રકમ વાદી નિગમ પ્રતિવાદી પાસેથી વસૂલ મેળવવા હકકદાર હોવાનું ફલિત થાય છે. જેથી મુદા નં.૧ થી ૫ નો જવાબ તે મુજબ હકારમાં ઠરાવવામાં આવે છે. જયારે મુદા નં.૬ સંદર્ભે જોવામાં આવે તો વાદીએ લેણી નીકળતી રકમ ઉપર ૧૨% ના ચડત વ્યાજની માંગણી કરેલી છે,

પરંતુ વ્યાજ અંગે પક્ષકારો વચ્ચે કોઇ કરાર થયેલ હોવાની હકીકત ફલિત થતી નથી તેમજ લેણી નીકળતી રકમ ઉપર ૧૨% વ્યાજ વસૂલ મેળવવા હકકદાર હોવાની હકીકત વાદી પુરવાર કરી શકેલ નથી. આ તબકકે દિવાની કાર્યરીતિ અધિનિયમની કલમ-૩૪ ધ્યાને લેતા મુદલ રકમ ઉપર દાવાની તારીખથી હુકમનામાની તારીખ સુધી અથવા તો ચૂકવણીની તારીખ સુધીનું વ્યાજ અપાવવાનો કોર્ટ હુકમનામામાં હુકમ કરી શકે છે, જે જોગવાઇ ધ્યાને લેતા વાદીની જે રકમ પ્રતિવાદી પાસે રોકાઇ રહેલ છે, તે રકમ પ્રતિવાદીની કસુરના કારણે રોકાઇ રહેલ છે. જેથી વાદી બેંકની દાવાની બાકી લેણી નીકળતી રકમ ઉપર વાર્ષિક ૮% લેખે વ્યાજ અપાવવાનું ન્યાયી અને વ્યાજબી જણાય છે જેથી મુદા નં.૫ નો જવાબ તે રીતે હકારમાં ઠરાવવામાં આવે છે.

<u>મુદા નં.(૭) અને (૮) :-</u>

(૧૩) આ કામે મુદા નં.૭ અને ૮ પ્રતિવાદી પક્ષે દાવા જવાબમાં લીધેલ તકરારના અનુસંધાને મુકરર કરવામાં આવેલ છે, પરંતુ વાદી ધ્વારા પોતાના દાવા જવાબમાં લીધેલ તકરાર પુરવાર કરવા કોઇ પુરાવો રજુ રાખેલ નથી કે તે સંબંધિત કોઇ હકીકત પુરવાર કરેલ નથી. તેમજ વાદી ધ્વારા આંક-૨૭ નું પ્રથમ બીલ તા.૦૯/૧૧/૨૦૨૨ ના રોજનું આપેલ અને ત્યારબાદ બીજું બીલ તા.૦૬/૦૩/૨૦૨૪ ના રોજનું આપેલ અને સદરહુ બીલની રકમ ચૂકવવામાં નહીં આવતા તા.૨૧/૦૬/૨૦૨૪ ના રોજ નોટિસ આપવામાં આવેલ છે અને નોટિસ મુજબ અમલવારી ન થતા હાલનો દાવો તા.૦૪/૧૦/૨૦૨૪ ના રોજ દાખલ કરેલ છે ત્યારે વાદીના દાવાની હકીકત અને લેણું ધ્યાને લેતા વાદીનો દાવો ત્રણ વર્ષની સમય મર્યાદામાં દાખલ થયેલ હોવાનું જણાય આવે છે. જેથી મુદા નં.૭ અને મુદા નં.૮ નો જવાબ નકારમાં ઠરાવવામાં આવે છે.

<u>મુદા નં.(૯) અને (૧૦) :-</u>

(૧૪) આ કામે મુદા નં.૧ થી ૬ માં ચર્ચા કર્યા અનુસાર પ્રતિવાદી પેઢીએ

ખરીદ કરેલ માલના બીલની કુલ રકમ રૂા.૩,૭૨,૪૭૬-૪૪ પૈસા બાકી નીકળતા હોય સદરહુ રકમ વાદી વસૂલ મેળવવા હકકદાર થતા હોય વાદીનું રૂા.૩,૭૨,૪૭૬-૪૪ પૈસાનું લેણું બાકી નીકળતું હોય મુદા નં.૯ નો જવાબ તે મુજબ ઠરાવવામાં આવે છે અને મુદા નં.૧૦ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## -:: આખરી હુકમ ::-

(૧) વાદીનો દાવો આથી અંશતઃ મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામે વાદી દાવાની બાકી લેણી નીકળતી રકમ રૂા.૩,૭૨,૪૭૬-૪૪ પૈસા (અંકે રૂપિયા ત્રણ લાખ બોતેર હજાર ચારસો છોતેર અને ચુમાલીસ પૈસા પુરા) દાવા દાખલ તારીખથી રકમ વસૂલ થતા સુધી વાર્ષિક ૮% ના સાદા વ્યાજ દરે આ કામના પ્રતિવાદીઓની સ્થાવર તેમજ જંગમ મિલકત તથા જાત ઉપરથી સંયુકત અને વિભકત રીતે વસૂલ મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

(૩) દાવા અંગે વાદીને થયેલ ખર્ચ પ્રતિવાદીઓએ ભોગવવો અને પ્રતિવાદીઓએ પોતાનો ખર્ચ જાતે ભોગવવો.

(૪) હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજ તારીખ <u>૩૦મી,</u> માહે <u>માર્ચ,</u> સને <u>૨૦૨૬</u> ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

સ્થળ : જૂનાગઢ.
તારીખ : ૩૦/૦૩/૨૦૨૬.

(અવિનાશ કમલભાઇ ભટ્ટ)
મુખ્ય સિનિયર સિવિલ જજ,
જૂનાગઢ. (GJ-00862)